# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨ તા.૨૭-૪-૧૭

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **' રાજ્ય પારિતોષિક-૨૦૧૭ ' બાબત.**

**સંદર્ભ :-**
(૧) **શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩૨/ક-તા. ૭-૮-૧૪**
(૨) **શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૧૪/૩૦૬૯૩/ક-તા.૧-૧૨-૧૫**
(૩) **પ્રા. શિક્ષણ નિયામક કચેરીનાં ક્રમાંક : ૪૬/રા.પા. એવોર્ડ-૨૦૧૬/જ/૧૭-૧૪૮૫-૧૫૮૪ તા.૧૦-૪-૨૦૧૭નો પત્ર**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઉપરોક્ત સંદર્ભિત પત્ર-૧માં જણાવેલ ઠરાવથી'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક તાલુકા, જિલ્લા, રાજ્ય કક્ષાએ નામાભિધાન'ની યોજના શરૂ કરવામાં આવેલ છે, તે અંતર્ગત ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ હોય તેવા શિક્ષકો 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' માટે ફાઇલ મૂકી શકશે.

'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' માટે રસ ધરાવતા શિક્ષકોએ આ સાથે સામેલ પત્રોમાં જણાવ્યા મુજબ પોતાની ફાઇલ ઝોન કક્ષાએ રજૂ કરવાની રહેશે. દરેક ઝોનમાંથી બે શિક્ષકોને પારિતોષિક માટે પસંદ કરવામાં આવશે. ઝોનમાંથી પસંદગી પામેલ શિક્ષકોમાંથી ચાર શિક્ષકોની સ્કૂલ બોર્ડ કક્ષાએ પસંદગી કરવામાં આવશે. ઝોન કક્ષાએ પસંદ પામેલ બે શિક્ષકોને રૂા. ૫,૦૦૦/- રોકડ રકમ, શાલ, પ્રમાણપત્ર અને સ્કૂલ બોર્ડ કક્ષાએ પસંદ પામેલ ચાર શિક્ષકોને રૂા. ૧૫,૦૦૦/- રોકડ રકમ, શાલ, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. ઝોન કક્ષાએ ઉમેદવારી નોંધાવી મુખ્ય શિક્ષકશ્રી અને સુપરવાઇઝરશ્રીની ભલામણ સાથે ફાઇલ સુપ્રત કરવાની અંતિમ તા.૩૦-૬-૧૬ રહેશે.

**' રાજ્ય પારિતોષિક-૨૦૧૭ ' માટેની પસંદગીનું માપદંડ નીચે મુજબ રહેશે.**

- શિક્ષક કામગીરી દર્પણ — ૨૦ ગુણ
  ( આ સાથે સામેલ પત્રકની વિગતો સાથે વિશિષ્ટ કામગીરી સહિત, ફોટોગ્રાફી સહિત ફાઇલ તૈયાર કરવી.)
- શિક્ષણની પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, વિષય વસ્તુ, શિક્ષણનાં વર્તમાન પ્રવાહો, સામાન્ય જ્ઞાનની પરીક્ષા — ૫૦ ગુણ
- શાળાની મુલાકાત દ્વારા શિક્ષકની શૈક્ષણિક કામગીરીનું મૂલ્યાંકન — ૨૦ ગુણ
- રૂબરૂ મુલાકાત — ૧૦ ગુણ

તા.૨૭-૪-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી